Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન સ્વનિર્ભર અભ્યાસક્રમ અને સરકારી કોલેજોના**
**નવા / ચાલુ / ક્રમશઃ જોડાણ ની ઓનલાઈન અરજી**
**સબમિશન સંબધિત પરિપત્ર**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં કોઈપણ રજીસ્ટર્ડ સોસાયટી, ટ્રસ્ટ કે સંસ્થા દ્વારા નવા સ્નાતક– અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવા ઈચ્છતા હોય કે હાલમાં કાર્યરત સ્વનિર્ભર / ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં ચાલતા સ્નાતક– અનુસ્નાતક અભ્યાસક્રમના નવા / ચાલુ જોડાણ માટેની ઓનલાઈન અરજી યુનિવર્સિટી વેબસાઈટ vnsgu.ac.in ના Home Page પર ઉપલબ્ધ Affilliated Colleges દ્વારા તા. ૧૭–૬–૨૦૨૪ ના રોજથી જોડાણ અરજીમાં માંગેલ તમામ માહિતી આપવા સાથે આધાર પુરાવા અપલોડ કરવા સાથે એફીલીએશન સબધિંત પ્રતિ અભ્યાસક્રમની એફીલીએશન ફોર્મ ફી રૂ.૨૫૦૦/–, પ્રોસેસિંગ ફી રૂ. ૨૫૦૦૦/– અને ઓર્ડી. ૬૬ ની જોગવાઈ મુજબ નવા / ચાલુ / ક્રમશઃ જોડાણની જરૂરીયાત મુજબના ડીવીઝનોની ડીવીઝન દીઠ લાગુ પડતી કુલ્લે ફી / ફંડ જમા કરાવતા પહેલા ગત વર્ષની જેમ ગુગલ ફોર્મ (1) માં દરખાસ્ત કરવી અને યુનિવર્સિટી જોડાણ શાખા દ્વારા મંજુરી આપ્યેથી જ ઓનલાઈન RTGS / NEFT થી ફી ગુગલ ફોર્મ (2) માં દર્શાવેલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બેંક એકાઉન્ટમાં (યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, બેંક એકાઉન્ટ નંબર 443401010035015 IFSC Code UBIN0544345) માં જમા કરાવવા સાથે તેના આધાર સબમીટ કરવાની જાણ કરવામાં આવે છે.

Ordinance 66, Google form (1) અને Google form (2) પર CLICK કરવા સાથે Google form OPEN **થશે જે ફોર્મમાં યુનિવર્સિટી દ્વારા ફાળવણી કરેલ ઈમેઈલ દ્વારા જ માંગેલ માહિતી આપ્યા સાથે Google form, SUBMIT** કરી શકાશે.

જો આપના દ્વારા નવા / ચાલુ જોડાણ સબધિંત જોડાણ અરજી તા.૧–૧૦–૨૦૨૪ ના રોજ કે તે બાદ જમા કરાવવામાં આવશે તો ઓર્ડિ. ૬૬ મુજબ નીચે મુજબ લેઈટ ફી જમા કરાવ્યા સાથેજ નવા / ચાલુ જોડાણની અરજી સ્વીકારવામાં આવશે.

**૧૫ ઓકટોબર સુધીમાં (તા. ૦૧–૧૦–૨૦૨૪ થી તા. ૧૫–૧૦–૨૦૨૪ સુધી) રૂ. ૩૬,૦૦૦/–**
**૩૦ ઓકટોબર સુધીમાં (તા. ૧૬–૧૦–૨૦૨૪ થી તા. ૩૦–૧૦–૨૦૨૪ સુધી) રૂ. ૭૨,૦૦૦/–**
**૧૫ નવેમ્બર સુધીમાં (તા. ૩૧–૧૦–૨૦૨૪ થી તા. ૧૫–૧૧–૨૦૨૪ સુધી) રૂ. ૧,૪૪,૦૦૦/–**

ઓનલાઈન જોડાણ સંબધીત ફી / ફંડની રકમ જમા કરાવ્યા બાદ આધાર અરજી સાથે અપલોડ કરયા બાદ જોડાણ અરજી સબમીટ કરી તેની બે (૨) નકલ યુનિવર્સિટી જોડાણ વિભાગમાં આગળની કાર્યવાહી સારુ અચૂક જ જમા કરાવવાની જાણ કરવામાં આવે છે.

**નોંધ :**

(૧) યુજીસી રેગ્યુલેશન–૨૦૧૨ મુજબ 3.1.1. Undisputed ownership and possession of land free from any or all encumbrances measuring not less than 1.5 acres if it is located in megacities, 2 acres if it is located in metropolitan cities and 5 acres if it is located in other cities જોગવાઈ છે તેની જાણ કરવામાં આવે છે.

(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો માટે જો Apex Body / Council ની મંજુરી મેળવી લેવાની હોય જે મંજુરી સંસ્થા દ્વારા મેળવી તેના આધાર યુનિવર્સિટીમાં જમા કરાવ્યા બાદજ નિયમાનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

(૩) જે કોલેજોમાં એકથી વધુ સ્વનિર્ભર અભ્યાસક્રમ ચાલતા હશે તે કોલેજો દ્વારા અભ્યાસક્રમ દીઠ અરજી ફોર્મ જમા કરાવવા સાથે જોડાણ સંબધિત તમામ ફી જમા કરાવવાની જાણ કરવામાં આવે છે.

(૪) નવા જોડાણની અરજી સંદર્ભમાં નિયમાનુસાર કાર્યવાહી સાથે જો જોડાણની મંજુરી આપવામાં આવ્યેથી રૂ. દશ લાખની રાષ્ટ્રીયકૃત બેંકની ફીક્ષ્ડ ડીપોઝીટ (૭૨ માસની) જમા કરાવ્યા સાથે રાજય સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ રૂ. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર પર બાંહેધરી નોટરી કરાવ્યા સાથે જોડાણ વિભાગમાં જમા કરાવ્યા સાથે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

(૫) જો AICTE માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ માટે પ્રવેશ બેઠકોની ફી જમા કરાવવાની હોય તો ડિવીઝન દીઠ બી.બી.એ. માં (૭૫) અને બી.સી.એ. માં (૮૫) પ્રવેશ સંખ્યા ધ્યાને લઈ ફી જમા કરાવવાની જાણ કરવામાં આવે છે.

(૬) બી. કોમ. માં કુલ્લે ડિવીઝનોની ફી જમા કરાવ્યા સાથે, કેટલા ડિવીઝનો અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં, સવારની પાળીમાં અથવા બીજી શીફટમાં અને કેટલા ડિવીઝનો કયા સ્પેશ્યલાઈઝેશન સાથે શરૂ કરવા માંગો છો, તેની માહિતી કોલેજના લેટર હેડ પર જોડાણ અરજી ઓનલાઈન જમા કરાવ્યા સાથે જોડાણ શાખામાં અચૂક જમા કરાવવાની જાણ કરવામાં આવે છે.

(૭) ગુગલ ફોર્મ દ્વારા ફકત નવા – ચાલુ જોડાણની ફી / ફંડ જમા કરાવવાની જાણ કરવામાં આવે છે.

ક્રમાંક : જોડાણ(જોડાણઅરજી)(૨૪)/૧૧૮૮૭ /૨૦૨૪.
તા.૧૧–૦૬–૨૦૨૪

**કુલસચિવ**

**પ્રતિ,**
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ અને નવા જોડાણની અરજી કરવા ઈચ્છુક રજીસ્ટર્ડ સોસાયટી, ટ્રસ્ટ કે સંસ્થાના પ્રમુખશ્રી,
....... જાણ તથા જરૂરી જરૂરી કાર્યવાહી નિયત તારીખ સુધીમાં કરવા સારૂ.

નકલ સવિનય રવાના : ઈ.ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત